# સિવિલ હોસ્પિટલમાં C.S.R. પ્રવૃતિ હેઠળ સેવાભાવી સંસ્થા અને કંપની દ્વારા ૧૦૦ ટેબલેટ ભેટ અપાયાં

**ફ્રંટલાઈન કોરોના વોરિયર્સના સંતાનોના ડિજિટલ શિક્ષણ માટે સહાયની સરવાણી વહી**

ગાંધીનગર, તા. ૧૫

કોરોનાની મહામારીમાં ઘણા સેવાભાવી લોકો અને સંસ્થાઓ દ્વારા દેશ પર એકાએક આવી પડેલી આપદામાં મદદરૂપ બનવા સ્વેચ્છાએ શારીરિક અને આર્થિક રૂપે સેવા- સુશ્રુષાનો ધોધ વહાવ્યો છે. હાલ પણ કોરોનાની વિકટ પરિસ્થિતિઓને ધ્યાનમાં



લઈને વડોદરા સ્થિત સેવાભાવી સંસ્થા દ્વારા ખાનગી કંપનીના સહયોગથી સિવિલ હોસ્પિટલમાં C.S.R.પ્રવૃત્તિઓ એટલે કે, કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (સમાજ પ્રત્યેનું ઉત્તરદાયિત્વ) હેઠળ સિવિલ હોસ્પિટલમા ૧૦૦ જેટલા ટેબ્લેટ ભેટ કરવામાં આવ્યા છે.

સરકાર દ્વારા કાર્યરત ડિજિટલ ભારત મિશનને પ્રોત્સાહન આપવાના હેતુસર તેમજ બાળકોને ઓનલાઈન શિક્ષણમાં વધુ પરિપક્વ બનાવવા માટે ખાનગી કંપની દ્વારા ૧૦૦ જેટલા અત્યાધુનિક ટેક્નોલોજીથી સજ્જ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું. આ ટેબ્લેટને નર્સિસ, લેબ ટેક્નીશીયન, વર્ગ-૪ના કર્મચારીઓ કે જેમનાં સંતાન ધોરણ- ૪ થી ધોરણ- ૧૧ માં અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતાં હોય તેમાં ૨ વર્ષનું બાયજુસ ઓનલાઈન એપના સબસ્ક્રિપ્શન સાથે કોરોના વોરિયર્સને ભેટ કરવામાં આવ્યાં છે.

વડોદરા સ્થિત સેવાભાવી સંસ્થાના ડાયરેક્ટર ડૉ. બીનિતા વર્ડીયાએ કહ્યુ કે 'અમદાવાદ સ્થિત સિવિલ હોસ્પિટલમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની શ્રેષ્ઠ સારવાર કરવામાં આવી રહી છે. એશિયાની સૌથી મોટી હોસ્પિટલમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સેવા-સુશ્રુષા કરી રહેલા મેડિકલ, પેરામેડિકલ સ્ટાફ કર્મીઓના સંતાનોને શ્રેષ્ઠ શિક્ષણ મળી રહે તે હેતુસર આ ટેબ્લેટ વિતરણ કરવામાં આવ્યું છે'.

સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ ડૉ. જે.પી.મોદીએ સંસ્થા તરફથી મળેલ ભેટને સ્વીકારતાં કહ્યું કે, વડોદરા સ્થિત સેવાભાવી સંસ્થા અને કંપની દ્વારા ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સ પરિવારના બાળકોના કારકિર્દી ઘડતરની ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. તેમના કારકિર્દી ઘડતરમાં મદદરૂપ થવા માટેના પ્રયાસો કરવામાં આવ્યાં છે તે ખરા અર્થમાં પ્રશંસાને પાત્ર છે.

# આઈઆઈટી ગાંધીનગરે ઈન્ડો-યુકે વર્ચ્યુઅલ કોન્ફરન્સનો પ્રારંભ કર્યો

**રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોએ પાણી અંગેના મુદ્દાઓ અને બેસ્ટ પ્રેક્ટીસીસ વિષે ચર્ચા કરી : ઓનલાઇન પરિષદમાં ભારત અને વિદેશથી ૨૦૦થી વધુ લોકોએ ભાગ લીધો**


ગાંધીનગર, તા. ૧૫

ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (આઈઆઈટી ગાંધીનગર) દ્વારા આયોજીત ત્રિ-દિવસીય "ઈન્ડો-યુકે વર્ચ્યુઅલ કોન્ફરન્સ ઓન 5C's ઓફ વોટર વલ્નરેબિલીટી: ક્લાયમેટ ચેન્જ, કન્ટેમિનન્ટ્સ, કો-અકરન્સ, કોન્ફલીક્ટ્સ, એન્ડ કોવિડ-૧૯" નો ગઈકાલે સાંજે આરંભ થયો, જેમાં ભારત અને વિદેશના ૨૦૦ થી વધુ સહભાગીઓ જોડાયા છે.

કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રીસર્ચ - નેશનલ એનવાયર્નમેન્ટલ એન્જિનિયરિંગ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ (CSIR-NEERI) ના નિયામક ડૉ રાકેશ કુમારે "ક્લાયમેટ લિંક્ડ સ્થિતિસ્થાપક શહેરોનું વિકાસાલક્ષી આયોજન" વિષય પર ઉદ્‌ઘાટન પ્રવચન આપ્યું હતું. તંદુરસ્ત અને ટકાઉ શહેરો માટે પર્યાવરણીય વ્યવસ્થાપનની વ્યૂહરચના પર ચર્ચા કરતા, ડૉ રાકેશ કુમારે શહેરોને સારી અર્થવ્યવસ્થા પ્રાપ્ત કરવામાં મદદ કરવા માટે વિસ્તૃત પ્રાદેશિક પરિપ્રેક્ષ્ય; સંસાધનોનું એકાઉન્ટિંગ અને તેનું સંચાલન; શહેરી સ્થાનિક સંસ્થાઓ (યુએલબી)ને આત્મનિર્ભર બનાવવી; વાતાવરણમાં પરિવર્તન ઘટાડવા માટે વ્યૂહાત્મક પગલાં; અને કાર્યક્ષમ શહેરી ગતિશીલતા અને જાહેર પરિવહન પર ભાર મૂક્યો. તેમણે કહ્યું, "એક આયોજિત શહેર ટકાઉ વિકાસ માટે સારી રીતે તૈયાર શહેર છે."

સ્થિતિસ્થાપક શહેરો બનાવવાના માર્ગમાં મુખ્ય પડકારો અને તકો વિશે વાત કરતા તેમણે કહ્યું, "ટ્રાફિક જામ અને વાહનોના પ્રદૂષણ, નબળી શહેરી માળખાકીય સુવિધાઓ, શહેરી હીટ આઈલેન્ડ અસર, બધા માટે આવાસ, આરોગ્યસંભાળ સુવિધાઓનો અભાવ, વાયુ પ્રદૂષણ, ઉનાળામાં હીટવેવ, નબળા ડ્રેનેજ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને કારણે ચોમાસામાં શહેરી ફ્લેશ-ફ્લડ, જાહેર સ્થળોએ સ્વચ્છતા, નક્કર કચરાના વિશાળ જથ્થાના નિકાલ માટે યોગ્ય સ્થળની પસંદગી અને ડમ્પ યાર્ડ્સ પર આગના જોખમોને ઘટાડવા; કચરો વીણનારા લોકો માટે આરોગ્યનું જોખમ એ આજના શહેરો સામેના કેટલાક પડકારો છે. આપણે ઈંટેલિજંટ પરિવહન પ્રણાલી; સામૂહિક ઝડપી પરિવહન પ્રણાલી અને કાર-પૂલિંગનો ઉપયોગ, વાહનોની જરૂરિયાત ઘટાડવા માટે, શક્ય ત્યાંથી ઘરેથી કામ કરવું; સર્ક્યુલર/ગ્રીન ઈકોનોમીને પ્રોત્સાહન; ગ્રીન બિલ્ડિંગ્સ; નવીનીકરણીય ઉપયોગ; નવી ગટર વ્યવસ્થા વિકસાવી અને જરૂરીયાતો મુજબ હાલનાં ગટરનાં માળખાંને સુધારવું; લેન્ડફિલ સાઈટ્સ પર જતા કચરાને ઘટાડવો; અને સ્માર્ટ નિયંત્રણો માટે આઈઓટી (ઈન્ટરનેટ ઓફ થિંગ્સ)નો ઉપયોગ; જેવા કાર્યક્ષમ અને ટકાઉ ઉકેલો સાથે આપણે આ પડકારોનો સામનો કરવો જોઈએ'

ડૉ કુમારે એ માહિતી પણ આપી કે ભારતમાં સૌથી વધુ સંખ્યામાં ગ્રીન ઈમારતો છે. તેમણે યુએસએ અને કેનેડામાં આવેલા શહેરોમાં કેવી રીતે હવામાન પરિવર્તન માટે વચ્ચેના અંતરાયો અને ઉકેલો વિશે બોલતા ડૉ કુમારે કહ્યું, "હવામાન મોડેલોના પરિણામોમાં વ્યાપક ભિન્નતા એ હવામાન માટેના કાર્યોમાં મૂડીરોકાણ પ્રત્યેના પ્રતિકારનું એક કારણ છે. આપણે અન્ય આબોહવા મોડેલો તરફ ધ્યાન આપવાની જરૂર છે જેથી આપણા આબોહવા પરિવર્તન ઘટાડવાનાં પગલાં કેન્દ્રિત થઈ શકે. લોકોની જરૂરિયાતોને





પહોંચી વળવા શહેરો પ્રારંભિક ચેતવણી પ્રણાલીઓને તૈયાર કરીને, શહેરી સેવાઓનું મેપિંગ કરીને; માળખાગત સુવિધા અને આયોજનમાં લાંબા ગાળાના સ્થિતિસ્થાપકતાનું નિર્માણ કરીને; અને સમાવિષ્ટ સંસ્કૃતિને પ્રોત્સાહન આપીને વધુ સ્થિતિસ્થાપક પ્રદેશો બનાવી શકે છે." તેમણે હવામાનની સ્થિતિસ્થાપકતા માટે ગ્રીન માળખાકીય સુવિધાઓ માટે હિમાયત કરી અને ઈમારતોની ઊર્જાની માંગને ઓછી કરવા, પાણીના સંચાલનમાં ઓછી ઊર્જા ખર્ચ કરવા અને દરિયાકાંઠાના વિસ્તારોને સુરક્ષિત રાખવા સૂચન કર્યું.

સ્થિતિસ્થાપકતામાં સુધારો લાવવાનું આયોજન શરૂ કરાયું છે તે શેર કર્યું અને પિટ્સબર્ગની સ્થિતિ સ્થાપકતાની વ્યૂહરચના પણ શેર કરી. ત્યારબાદ ડૉ રાકેશ કુમારે સંયુક્ત રાષ્ટ્ર અને ઓસ્ટ્રેલિયાની અનુકૂલન વ્યૂહરચના શેર કરી. તેમણે ભારતમાં લેવાયેલી પહેલો વિશે પણ વાત કરી, જેમાં ઉદેપુર, સિલિગુરી, કોઈમ્બતુર અને રાજકોટ એમ ચાર શહેરો માટે ક્લાયમેટ રેઝિલિયન્ટ સિટી એક્શન પ્લાન (સીઆરસીએપી)નો સમાવેશ થાય છે.

વાતાવરણને વધુ સ્થિતિસ્થાપક શહેરો બનાવવાની

# વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત આરાધના વિદ્યાવિહાર ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ, સેક્ટર-૨૮નું ગૌરવ

ગાંધીનગર, તા. ૧૫



આરાધના વિદ્યાવિહાર ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં ધોરણ-૧૦ માં અભ્યાસ કરતા અને દહેગામ શહેરના પ્રખ્યાત સર્જન ડોક્ટર ભાગ્યેશભાઈ પટેલ ના સુપુત્ર એવા સમર્થ પટેલએ યુરોપની વિશ્વ પ્રસિદ્ધ ચાર્લ્સ યુનિવર્સિટી દ્વારા ૧૦મીએ આંતરરાષ્ટ્રીય ફિઝિક્સની ઓનલાઈન સ્પર્ધા યોજાઈ હતી તેમાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં વિવિધ દેશોના ૯૫૦ વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો હતો. જેમાં અમારી શાળાના તેજસ્વી તારલા એવા સમર્થ પટેલે તેના જ્ઞાનનું અદ્ભુત પ્રદર્શન કરી દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. અને શાળાનું તથા તેમના પરિવારનું ગૌરવ વધારી નામ રોશન કર્યું હતું. શાળા પરિવાર વતી સમર્થ પટેલને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# શ્રી સોમનાથ ટ્રસ્ટનો રૂમ ભાડામાં ડીસ્કાઉન્ટ આપવાનો મહત્વનો નિર્ણય

ગાંધીનગર, તા. ૧૫

હાલની કોરોના વાઈરસ વૈશ્વિક મહામારીને કારણે દરેક ક્ષેત્રમાં ધંધા રોજગારમાં ધરખમ ફેરફાર થયા છે.



ડિસેમ્બર માસમાં મોટી સંખ્યામાં લોકો હરવા ફરવા માટે ટુરીસ્ટ પ્લેસ કે પવિત્ર યાત્રાધામોમાં જતા હોય છે. ખાસ કરીને યાત્રીકો શ્રી સોમનાથ તિર્થધામની મુલાકાતે આવે અનો સ્થાનિક લોકોને રોજગાર મળી રહે તેવા શુભ આશયથી શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા તા. ૧૫-૧૨-૨૦૨૦થી તા. ૩૧-૧-૨૦૨૧ સુધી ટ્રસ્ટના લીલાવતી અતિથિભવન, માહેશ્વરી અતિથી ભવન તેમજ શ્રી સાગરદર્શન અતિથિગૃહના રૂમ ભાડામાં ૧૫ થી ૨૫ ટકા ડીસ્કાઉન્ટ આપવામાં આવશે. શ્રદ્ધાળુઓને આ ડીસ્કાઉન્ટનો લાભ લેવા વિનંતી છે.

# ગણપત યુનિવર્સિટીના ૧૪મા કૉન્વોકેશનનું પાંચ દિવસમાં વહેંચાયેલું નવતર આયોજન

**અમેરિકાની કાલાપોલિ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ વિદુષિ મહિલા સોરાયા. એમ. કાલે ચીફ ગેસ્ટ તરીકે ઓનલાઈન ઉપસ્થિત રહેશે**

ગણપત વિદ્યાનગર, તા. ૧૫

ગણપત યુનિવર્સિટીના ૧૪મા કોન્વોકેશનની ઉજવણીનો આજથી પ્રારંભ થયો.

કોવિડ-૧૯ની કપરી સ્થિતિને અનુસરીને સરકારે જાહેર કરેલી ગાઈડલાઈન્સનું યોગ્ય રીતે પાલન કરી શકાય. તે રીતે ગણપત યુનિવર્સિટીએ આ વર્ષના તેના કોન્વોકેશન (પદવીદાન સમારોહ)ને પાંચ દિવસમાં વહેંચીને આજથી ઉજવવાનો પ્રારંભ કર્યો છે. ગણપત યુનિ.ની વિવિધ સાત ફેકલ્ટી (વિદ્યાશાખાઓ)ના વિદ્યાર્થીઓને મર્યાદિત સંખ્યામાં બોલાવીને તા. ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ દરમિયાન એમને પદવી અને ગોલ્ડ મેડલ્સ અર્પણ કરવામાં આવશે જયારે આગામી તા. ૨૨મી ડિસેમ્બરના રોજ તમામ પદવી મેળવનારા વિદ્યાર્થીઓ એક સાથે ઉપસ્થિત રહી શકે તેવું 'ઓનલાઈન કોન્વોકેશન-૧૪' યોજવામાં આવશે. જેમાં અમેરિકાની કેલિફોર્નિયા સ્ટેટ પોલિટેકનિક





યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ સોરાયા. એમ. કાલે નામની વિદુષી મહિલા અને ગણપત યુનિવર્સિટીના દાતા-અધિષ્ઠાતા તેમજ પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ વિશેષ મહેમાન તરીકે ખાસ ઉપસ્થિર રહી એમના કોન્વોકેશન - લેકચર ડિલિવર કરશે. વિવિધ વિદ્યાશાખાઓ પ્રમાણે વિદ્યાર્થીઓની સંખ્યા જોઈએ તો - આ ૧૪મા કોન્વોકેશનમાં (૧) એન્જિ. અને ટેકનોલોજી ફેકલ્ટીના ૮૨૭, (૨) ફાર્મસીના ૧૧૩, (૩) કોમ્પ્યુટર એપ્લિકેશન્સ ફેકલ્ટીના ૫૯૫, (૪) મેનેજમેન્ટ ફેકલ્ટીના ૩૧૫, (૫) સાયન્સ ફેકલ્ટીના ૮૯૫, (૬) આર્કિટેકચર, ડિઝાઈન અને પ્લાનિંગ ફેકલ્ટીના ૩૮ અને (૭) સોશિયલ સાયન્સિસ અને હ્યુમેનિટિઝ ફેકલ્ટીના ૧૩૪ મળીને કુલ ૨૯૦૯ વિદ્યાર્થીઓને પદવીઓ એનાયત થશે જેમાં ૧૬ પીએચ.ડી. સ્ટુડન્સ અને ૭૫ ગોલ્ડ મેડાલિસ્ટ - વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થઈ જાય છે.

ગણપત યુનિવર્સિટીના પ્રો. ચાન્સેલર અને ડાયરેકટર જનરલ પ્રો.ડો. મહેન્દ્ર શર્માના સક્ષમ માર્ગદર્શન હેઠળ વિવિધ ફેકલ્ટીના ડીન તેમજ આચાર્યો, પ્રો. વા. ચાન્સેલર અને એક્ઝિ. રજિસ્ટ્રાર ડૉ. અમિત પટેલ તેમજ રજિ. ગિરીશ પટેલ સહિત અનેક પ્રાધ્યાપકો અને અન્ય પરિવાર મિત્રોએ ભારે જહેમત ઉઠાવી આ વર્ષના કોન્વોકેશનનું પૂરાં પાંચ દિવસની ઉજવણીનું નવતર આયોજન કર્યું છે.

# બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે 'ઈન્ટરનેટ ઓફ થિંગ્સ' વિષય પર ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનો પ્રારંભ

વલ્લભ વિદ્યાનગર, તા. ૧૫

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન એન્જીનીયરીંગ ડિપાર્ટમેન્ટ દ્વારા AICTE ATAL એકેડેમી અંતર્ગત તા.૧૪/૧૨/૨૦૨૦ના રોજ 'ઈન્ટરનેટ ઓફ થિંગ્સ' વિષય પર એક અઠવાડિક ફેકલ્ટી ડેવલપમેન્ટ નો પ્રારંભ કરવામાં આવ્યો.જેમાં મુખ્ય અતિથિ તરીકે ડૉ.સચિન પરીખ (જોઈન્ટ ડાયરેક્ટર, CTE), ડૉ.ઈંદ્રજિત એન.પટેલ (પ્રિન્સિપાલ, બીવીએમ), એન્જીનીયર ભાસ્કર ત્રિવેદી (સિનિયર ડિરેક્ટર એન્ડ એમ્બેડેડ હેડ,પરફેક્ટ VIPs), ઈવેન્ટ કોર્ડીનેટર ડૉ.ભાર્ગવ ગોરડિયા (હેડ,ઈસી એન્જી) ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ડૉ.ભાર્ગવ ગોરડિયા એ જણાવ્યું હતું કે બીવીએમ ખાતે ઈલેકટ્રોનિકસ એન્ડ કોમ્યુનિકેશન એન્જીનીયરીંગ ડિપાર્ટમેન્ટ ની સ્થાપના વર્ષ ૨૦૦૬ થઈ હતી તથા વર્તમાન સમય માં ૭૫૦ થી વધુ ઈસી એન્જીનીયર્સ ગ્લોબલ પ્લેટફોર્મ પર કાર્યરત છે.આ ઉપરાંત ઈસી એન્જી ડિપાર્ટમેન્ટ દ્વારા આઉટકમ બેઝડ એજ્યુકેશન, ઈન્ડસ્ટ્રી ઈન્સ્ટિટ્યૂટ ઈન્ટરેક્શન, પ્રોબ્લેમ સોલવિંગ એપ્રોચ, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ કાર્યક્ષમ રીતે ઈમ્પ્લીમેન્ટ થયેલ છે.






ઉપરોક્ત ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં સ્માર્ટ સીટી ડેવલપમેન્ટમાં ઈન્ટરનેટ ઓ થિંગ્સનો રોલ,સ્માર્ટ ટ્રાન્સપોર્ટેશન તથા પાર્કિંગ,વોટર તથા વેસ્ટ મેનેજમેન્ટ માં ઈન્ટરનેટ ઓફ થિંગ્સની જરૂરિયાત,ન્યુ સિસ્ટમ આર્કિટેક્ચર, નેટવર્કર્સ, Lora, Sigfox, 6lowpan, NB-IoT પ્રોટોકોલ્સ ,બેન્ડ વિડ્થ પરથી વાયરલેસ પ્રોટોકોલ સિલેકશન,અડવાન્સમેન્ટ ઈન I.O.T જેવા વિષયો આવરી લેવામાં આવ્યા છે.

આ પ્રસંગે સંસ્થા ના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલે જણાવ્યું હતું કે બીવીએમ તેના મુદ્રાલેખ 'વર્ક ઈઝ વર્શિપ' તથા વિઝન 'ટુ પ્રોડયુસ ગ્લોબલી એમ્પલોયેબલ ઈનોવેટિવ એન્જીનીયર્સ વિથ કોર વેલ્યુઝ'ને અનુલક્ષીને વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો ના હોલિસ્ટિક ગ્રોથ દ્વારા દેશના વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે. Covid-19 પેંડેમીકમાં પણ સંસ્થા ખાતે ના અલગ અલગ સ્ટુડન્ટ ચેપટર જેવા કે IEEE, IEI, ISTE, CSI, RSI, તથા NCC, NSS દ્વારા ટેક્નિકલ કોક્લેવ, સિમ્પોઝિયમ, ઈન્ટરનેશનલ કોન્ફરન્સ,વર્કશોપ, ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ, વેબિનાર, વર્ચ્યુઅલ ઈન્ડસ્ટ્રીઅલ વિઝીટનું સફળતા પૂર્વક આયોજન થયું તેમાં પુરા વિશ્વમાંથી ૩૨થી વધુ દેશો માંથી ૪૨૦૦૦ થી વધુ વ્યૂઝ ઓનલાઈન ડિજિટલ પ્લેટફોર્મ પર મળ્યા છે.વોશીંગટન એકોર્ડ ને અનુસરતી બીવીએમ એ TEQIP-III વર્લ્ડ બેંક પ્રોજેકટમાં સમગ્ર દેશ માં ૧૭૦ જેટલી ઈન્સ્ટિટ્યૂટ માંથી ટોપ-૧૦ માં સ્થાન પ્રાપ્ત કર્યું છે જે ખુબ ગૌરવપૂર્ણ બાબત છે.

# શ્રીમદ ભાગવત કથાનાં ઉદ્‌ગમ સ્થાન શુકતીર્થ ખાતે મોરારી બાપુ કરશે કથા ગાન

બાળકૃષ્ણનાં લીલાસ્થાન રમણરેતીમાં ૧૧ દિવસીય રામકથા બાદ, કૃષ્ણ લીલાનું જ્યાં સૌ પ્રથમ વખત ગાન થયું હતું એવા પરમ પવિત્ર શુકતીર્થ ખતે ૮૫૨મી કથાનું ગાન આરંભશે. સાડા પાંચ હજાર વર્ષ પૂર્વે આ તીર્થ પર સ્થિત અક્ષયવટ નીચે બેસીને શુકદેવ મુનિએ મહારાજા પરીક્ષિતને ભવતારિણી, મોક્ષદાયિની શ્રીમદ્ ભાગવત કથા સંભળાવી હતી. ૮૮,૦૦૦ ઋષિમુનિઓની





ઉપસ્થિતીમાં ભાગવત પુરાણનું સહુ પ્રથમ વખત ગાન ત્યારે થયું હતું.

'શુકતાલ' તરીકે ઓળખાતાં આ સ્થાનને યોગી આદિત્યનાથજીની સરકારે, સાધુ-સંતો અને જનસમૂહની વર્ષો જૂની લાગણી અને માગણીને ધ્યાનમાં લઈને આ સ્થાનનું નામ શુકતાલમાંથી બદલીને 'શુકતીર્થ' કર્યું છે. અહીં ૩૫ ફુટ ઉંચી ગણેશજીની, ૧૦૮ ફૂટ ઊંચી ભગવાન શંકરની, ૮૦ ફુટ ઉંચી માતા દુર્ગાની અને - સાત કરોડ વખત લખાયેલ રામનામ જેમાં સમાહિત છે એવી- ૭૨ ફૂટ ઊંચી શ્રી હનુમાનજી મહારાજની પ્રતિમા દર્શનીય છે. ૧૯ ડિસેમ્બર થી ૨૬ ડિસેમ્બર દરમિયાન દરરોજ સવારના ૯/૩૦ થી ૧/૩૦ સુધી પૂજ્ય મોરારીબાપુ રામકથાનું ગાન કરશે.

કોરોનાની ગાઈડ લાઈન મુજબ, પ્રશાસને નિર્ધારિત કરેલા તમામ નીતિ- નિયમોના ચૂસ્ત પરિપાલન સાથે, મર્યાદિત શ્રોતાઓ સમક્ષ નવ દિવસીય રામકથાનો શ્રવણ લાભ આસ્થા ટીવી અને યુટ્યુબના માધ્યમથી દરરોજ સવારે સાડાનવ કલાકથી લાઈવ માણી શકાશે. પૂજ્ય બાપુની વૈશ્વિક વ્યાસ-વાટિકાનાં ફ્લાવર્સ આતુરતાપૂર્વક ૧૯ ડિસેમ્બર ની રાહ જોઈ રહ્યા છે.

## જન્મદિને વધામણી



વિપુલ જોષી
પત્રકાર
ગુજરાત સમાચાર, ગાંધીનગર
મો. ૯૪૨૭૦ ૫૩૬૭૩



સંજય ગોસ્વામી
વેદ મીડીયા
મો. ૯૮૨૪૦ ૧૧૦૧૦



મહેન્દ્રભાઈ કે ચૌહાણ
મંત્રી, દંઢાવ્ય કેળવણી ટ્રસ્ટ
મો. ૯૪૨૭૦ ૫૬૮૪૫



ડો. નીલ ગગલાણી
મો. ૯૮૨૪૨ ૮૭૧૨૧



ઈમરાન બલોચ
મો. ૭૦૧૬૬ ૬૯૯૭૯



જાની મોક્ષ અનુજ
મો. ૯૮૨૪૬ ૩૫૫૨૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે. - સંપાદક



માસ્ક પહેરો... સ્વસ્થ રહો...